---

# સરસ્વતીના મહેરબાન ફોજદારી ન્યાયધીશ પ્રથમ વર્ગનાં ન્યાયાલયમાં

---

કુ.મેધાબેન મહેશકુમાર નવધરે, ફોજદારી ન્યાયધીશ પ્રથમ વર્ગ, સરસ્વતી

(ચુકાદાની તારીખ : ૦૬–૦૬–૨૦૨૬)

ફોજદારી કેસ નંબર :– ૩૩૭/૨૦૨૩

આંક :–

| **ગુનાની વિગતો** | |
|---|---|
| પોલીસ સ્ટેશન | વાગડોદ પોલીસ સ્ટેશન |
| પ્રથમ માહિતી અહેવાલ નંબર | ૧૧૨૧૭૦૪૦૨૨૪૨૧/૨૦૨૨ |
| ગુનો | ગુજરાત નશાબંધી અધિનિયમ,૧૯૪૯ ની કલમ–૬૫(એફ) મુજબ. |
| ફરિયાદી | શ્રી સરકાર |
| વિ.એ.પી.પી.શ્રી | શ્રી ડી.એમ.ઠક્કર |
| આરોપી | ઠાકોર પ્રવિણજી સોમાજી, ઉ.વ.૨૩, રહે. વાણાં ગામની સીમ,તા.સરસ્વતી, જિ.પાટણ. |
| આરોપીઓ તરફે વિ. વ.શ્રી | શ્રી આર.એલ.દેસાઈ |

| | |
|---|---|
| ગુનો બન્યાની તારીખ | ૦૮.૧૦.૨૦૨૨ |
| પ્રથમ માહિતી અહેવાલની તારીખ | ૦૮.૧૦.૨૦૨૨ |
| આખરી અહેવાલની તારીખ | ૦૬.૦૨.૨૦૨૩ |
| તહોમત ફરમાવ્યાની તારીખ | ૦૬.૦૩.૨૦૨૫ |
| પુરાવો શરૂ થયાની તારીખ | ૨૧.૦૩.૨૦૨૪ |
| ચુકાદા માટે અનામત રાખ્યાની તારીખ | ૦૬.૦૬.૨૦૨૬ |
| ચુકાદાની તારીખ | ૦૬.૦૬.૨૦૨૬ |
| સજાની હુકમની તારીખ (લાગ પડે તો) | –– |

| આરોપીઓની વિગતો | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| આ. નં. | આરોપીઓ ના નામ | ધરપક ડની તારીખ | જામીન મુકિત તારીખ | તહોમત | શું નિદોર્ષ છોડ્યા/ સજા કરી | શું સજા કરી? | ફો.કા.સં. ની કલમ ૪૨૮ મુજબ સુનાવણી દરમિયાન અટકાયત નો સમય ગાળો |
| ૧ | ઠાકોર પ્રવિણજી સોમાજી | –– | –– | ગુજરાત નશાબંધી અધિનિયમ ૧૯૪૯ ની કલમ– ૬૫(એફ) મુજબ. | નિર્દોષ | –– | –– |

# :: ચુકાદો ::

## (૧) ફરિયાદપક્ષે ટૂંકમાં હકીકત તથા પોલીસ કાર્યવાહી :–

આ કામે ફરિયાદપક્ષની ટૂંકમાં હકીકત એવી છે કે, આ કામના તહોદારે વાંણા ગામે વોળામાં રવિયાણા ગામની સીમ પાસે તેના બનાવેલ છાપરા પાસે ખુલ્લી જગ્યામાં પોતાના કબજા ભોગવટામાં ગેરકાયદેસરનો દેશીદારૂ ગાળવાનો વોશ માટલા નંગ–૦૨ માં કુલ વોશ લીટર ૪૦ કિં.રૂા. ૮૦/– નો રાખી પ્રોહી રેડઈ દરમ્યાન હાજર મળી ન આવી ગુનો કરેલ. સદર મુદ્દામાલ કબજે કરી પંચો રૂબરૂ પંચનામુ કરી ફરિયાદીએ આ મતલબની ફરિયાદ વાગડોદ પોલીસ સ્ટેશનમાં નોંધાવેલ છે. તપાસ કરનાર અધિકારીશ્રી દ્વારા ગુના અંગે આરોપીને અટક કરી નામદાર કોર્ટમાં રજુ કરવાની કાર્યવાહી કરેલ અને તપાસના અંતે તપાસ કરનાર અધિકાશ્રીએ આરોપી વિરૂધ્ધ પૂરતો પુરાવો જણાઈ આવતા આખરી અહેવાલ દાખલ કરેલ.

## (૨) ગુનાનું સંજ્ઞાન તથા તહોમતનામું :–

મહે. પુરોગામી ન્યાયાધીશશ્રીએ આરોપી વિરૂધ્ધ ગુજરાત નશાબંધી અધિનિયમ, ૧૯૪૯ ની કલમ–૬૫(એફ) મુજબનાં ગુના અંગે કોગ્નીઝન્સ લઈ સમનસ કાઢવા હુકમ કરેલ. આરોપીને ફોજદારી કાર્યરીતિ સંહિતા, ૧૯૭૩ ની કલમ–૨૦૭ અન્વયે પોલીસ તપાસનાં કાગળોની નકલો વિના મૂલ્યે આપવામાં આવેલ. ત્યારબાદ આંક–૦૯ થી આરોપીનો ગુનાની કબુલાત અંગે જવાબ નોંધવામાં આવેલ. આરોપીએ ગુનો કબૂલ કરવાનો ઈન્કાર કરતાં આરોપી વિરૂધ્ધ ન્યાયિક કાર્યવાહી આગળ ચલાવવામાં

આવેલ.

## (૩) ફરિયાદપક્ષ તરફે પુરાવો :–

આરોપીઓએ તેઓ વિરૂધ્ધનો આક્ષેપિત ગુનો કબૂલ નહી કરતા ફરિયાદપક્ષે પુરાવો રજુ કરેલ.

### મૌખિક પુરાવો

| ક્રમ | વિગત | આંક |
| --- | --- | --- |
| ૦૧ | ફરિયાદી નિતીનકુમાર રણછોડભાઈની જુબાની | ૧૦ |
| ૦૨ | પંચસાહેદ ઠાકોર હરખાજી બાબુજીની જુબાની | ૧૪ |
| ૦૩ | ત.ક.અધિકારી કમલેશકુમાર કાંતિલાલની જુબાની | ૨૫ |

### દસ્તાવેજી પુરાવો

| ક્રમ | દસ્તાવેજ | આંક |
| --- | --- | --- |
| ૦૧ | ફરિયાદ | ૧૧ |
| ૦૨ | ગુનાવાળી જગ્યાનુ પંચનામુ | ૧૫ |
| ૦૩ | તપાસ હુકમ | ૨૬ |
| ૦૪ | રવાનગી નોંધ | ૨૭ |

## (૪) વિશેષ નિવેદન :–

સદર કામે ફરિયાદપક્ષનો પુરાવો પૂર્ણ થયા ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ–૩૧૩ અન્વયે આરોપીના વિશેષ નિવેદન નોંધતા આરોપીએ આ કામે નિર્દોષ હોય તેઓને છોડી મુકવા અરજ ગુજારેલ.

## (૫) દલીલો :–

ત્યારબાદ ફરિયાદપક્ષ તરફે વિ.એ.પી.પી.શ્રી. તથા આરોપીના વિ.વકીલશ્રીની મૌખિક દલીલો સાંભળવામાં આવેલ.

## (૬) મુદ્દા તથા તેના ન્યાયિક નિર્ણય :–

સદર કામે રજુ થયેલ પુરાવા, કેસની હકીકત, કાયદાકીય જોગવાઈઓ વગેરે ધ્યાને લઈ સદર કેસનાં નિર્ણય માટે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે :–

| ક્રમ | મુદ્દા | ન્યાયિક નિર્ણય |
|---|---|---|
| ૦૧ | શું ફરીયાદપક્ષ વ્યાજબી શંકાથી પરે પુરવાર કરે છે કે, આ કામના તહોદારે વાંણા ગામે વોળામાં રવિચાણા ગામની સીમ પાસે તેના બનાવેલ છાપરા પાસે ખુલ્લી જગ્યામાં પોતાના કબજા ભોગવટામાં ગેરકાયદેસરનો દેશીદારૂ ગાળવાનો વોશ માટલા નંગ–૦૨ માં કુલ વોશ લીટર ૪૦ કિં.રૂા. ૮૦/– નો રાખી પ્રોહી રેડઈ દરમ્યાન હાજર મળી ન આવી ગુજરાત નશાબંધી અધિનિયમ,૧૯૪૯ ની કલમ–૬૫(એફ) મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલ છે? | નકારમાં |
| ૦૨ | શું હુકમ? | આખરી હુકમ મુજબ |



ફોજદારી ન્યાયાધીશ પ્રથમ વર્ગ,
સરસ્વતી [GJ01715]

**(૭) નિર્ણય માટેના કારણો :–** મુદ્દા નં. ૧ અને ૨ :

**(૭.૧)** આ કામે આરોપી સામેનો કેસ ફોજદારી કેસ છે અને ફોજદારી ન્યાયશાસ્ત્રનો મૂળભૂળ સિધ્ધાંત છે કે, જ્યાં સુધી આરોપી સામેનો ગુન્હો સાબિત ન થાય ત્યાં સુધી તે નિદોર્ષ છે તેવું માનવું જોઈએ અને ફરિયાદપક્ષે આરોપી સામે જે આક્ષેપ સાબિત કરવા માંગતા હોય તે આક્ષેપ ફરિયાદપક્ષના સકારાત્મક પુરાવાથી વ્યાજબી શંકાથી પરે સાબિત કરવું જોઈએ.

**(૭.૨)** આ કામે આરોપી વિરૂધ્ધનો ગુનો પુરવાર કરવા ફરિયાદપક્ષ તરફથી સૌપ્રથમ ફરિયાદી નિતીનકુમાર રણછોડભાઈને આંક–૧૦ તપાસતા તેઓ તેમની જુબાનીમાં જણાવે છે કે, તા.૦૮.૧૦.૨૦૨૨ ના રોજ તેઓ તથા કમલેશભાઈ કાન્તીભાઈ વિ.પોલીસ સ્ટાફના માણસો સાથે પ્રાઈવેટ વાહનમાં પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા દરમ્યાન ફરતા ફરતા રવીયાણા ગામે ડેરી પાસે આવતા કમલેશકુમારને ખાનગી રાહે બાતમી મળેલ કે વાણા ગામની સીમ પાસે વોળામાં છાપરૂ બનાવીને રહેતા ઠાકોર પ્રવિણજી સોમાજી, રહે. વાણાવાળો દેશી દારૂ ગાળી વેચાણ કરતો હોઈ જે હકીકત આધારે નજીકમાંથી બે પંચોને માણસોને બોલાવી હકીકતથી વાકેફ કરી સદર બાતમીવાળી જગ્યાએ જતા ઈસમ હાજર મળી આવેલ નહી અને સદર છાપરા બાબતે આજુબાજુ તપાસ કરતા ઠાકોર પ્રવિણજી સોમાજી, રહે. વાણાવાળો હોવાનો જાણવા મળેલ અને ત્યાં ખુલ્લી જગ્યામાં તપાસ કરતા જમીનમાં ઢાંકણા ઢાંકેલ બે માટલા મળી આવેલા એક માટલામાં ૨૦ લીટર લેખે બે માટલામાં ૪૦ લીટર રૂા. ૮૦/– નો વોસ પાસ પરમીટર વગર મળી આવેલ.

સેમ્પલ સારૂ એક કાચની શીશીમાં આશરે ૧૦૮ મી.લી. જેટલો વોશ કાઢી લઈ તેમાં સહીવાળી કાપલી દોરાથી બાંધી તેના ઉપર પોલીસના માર્કાનું લાખથી પાકુ સીલ કરી સેમ્પલની શીશીની કિં. રૂા.૦૦–૦૦ ગણી પોલીસે તપાસ અર્થે કબજે કરેલ. તેમજ દેશીદારૂ ગાળવાનો વોશ પોલીસ સ્ટેશનમાં સાચવી શકાય તેવી સ્થિતિમાં ન હોઈ પોલીસે બંન્ને પ્લાસ્ટિકના કેરબા સહિત વોશ તેઓ પંચો રૂબરૂ અત્રે સ્થળ ઉપર નાશ કરેલ. તે મતલબની ફરિયાદ તેઓએ આપેલી. જે ફરિયાદ આ કામે આંક–૧૧ થી રજુ થયેલ છે. આરોપીને તેઓ ઓળખે છે. જે કોર્ટમાં હાજર છે

જયારે બચાવપક્ષ દ્બારા સદર ફરિયાદીની ઉલટતપાસ કરતા એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, ફરિયાદ કોની રૂબરૂમાં આપેલી તે રૂબરૂ તરીકેની સહી ફરિયાદમાં નથી. તેઓ બાતમીવાળી જગ્યાએ ગયેલા ત્યાં આરોપી કે તેના સગા કોઈ હાજર ન હતું. બનાવવાળી જગ્યાએ જયારે તેઓ ગયેલા ત્યારે છાપરા બાબતે તેઓએ કોઈ નિવેદન લીધેલ નથી. બનાવવાળી જગ્યા કોની માલિકીની હતી તે બાબતનો કોઈ આધાર પુરાવો રજુ રેલ નથી. આરોપી પાસેથી તેઓએ કે તેઓના સાહેબે કોઈ મુદ્દામાલ કબજે કરેલ નથી. સાહેદ સ્વૈચ્છાએ જણાવે છે કે, પંચો રૂબરૂ મુદ્દામાલ ગુન્હાવાળી જગ્યાથી કબજે કરેલ છે.

**(૭.૩)** ફરિયાદપક્ષ તરફે પંચસાહેદ હરખાજી બાબુજીને આંક–૧૪ થી તપાસતા તેઓ તેમની જુબાનીમાં જણાવે છે કે, તેઓને સરસ્વતી પોલીસના માણસોએ બે વરસ પહેલાં એક તૈયાર લખેલ કાગળમાં સહી કરવાનું કહેતા તેઓએ તેમાં સહી કરેલ. કાગળમાં શું લખેલ હતુ તે તેઓએ વાંચેલ નથી કે

તેઓને સંભળાવેલ નથી. તેઓ દેશીદારૂ ગાળવાના વોશ વિશે કંઇ જાણતા નથી. તેઓને આંક–૧૫ વાળું પંચનામું બતાવવામાં આવે છે તેમા તેઓની સહી છે તે જ છે. જે પંચનામું આ કામે આંક–૧૫ થી રજુ કરેલ છે. સદર પંચસાહેદ પંચનામાને સમર્થન કરતા ન હોય વિ.એ.પી.પી.શ્રીની વિનંતીથી પંચસાહેદને ફરી ગયેલા જાહેર કરી ભારતીય પુરાવા અધિનિયિમ, ૧૮૭૨ ની કલમ ૧૫૪ અન્વયે ઉલટ તપાસ કરવા છતાં તેઓની જુબાનીમાંથી કોઈ ફળદાયક તથ્ય રેકર્ડ પર લઈ આવી શકેલ નથી. જ્યારે બચાવપક્ષ દ્વારા પંચ સાહેદની ઉલટતપાસ કરતાં એ હકીતનો સ્વીકાર કરેલ છે કે, તૈયાર પંચનામામાં તેઓની સહી કર્યા સિવાય તેઓ કંઇ બીજુ જાણતા નથી.

**(૭.૪)** ત્યારબાદ ફરિયાદપક્ષ તરફે ત.ક.અધિકારી કમલેશકુમાર કાંતિલાલને આંક–૨૫ થી તપાસતા તેઓ તેમની જુબાનીમાં જણાવે છે કે, ૦૮.૧૦.૨૦૨૨ ના રોજ તેઓ તથા નિતીનકુમાર રણછોડભાઈ વિ.પોલીસ સ્ટાફના માણસો સાથે પ્રાઈવેટ વાહનમાં પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા દરમ્યાન ફરતા ફરતા રવીચાણા ગામે ડેરી પાસે આવતા તેઓને ખાનગી રાહે બાતમી મળેલ કે વાણા ગામની સીમ પાસે વોળામાં છાપરૂ બનાવીને રહેતા ઠાકોર પ્રવિણજી સોમાજી, રહે. વાણાવાળો દેશી દારૂ ગાળી વેચાણ કરતો હોઈ જે હકીકત આધારે નજીકમાંથી બે પંચોને માણસોને બોલાવી હકીકતથી વાકેફ કરી સદર બાતમીવાળી જગ્યાએ જતા ઈસમ હાજર મળી આવેલ નહી અને સદર છાપરા બાબતે આજુબાજુ તપાસ કરતા ઠાકોર પ્રવિણજી સોમાજી, રહે. વાણાવાળો હોવાનો જાણવા મળેલ અને ત્યાં ખુલ્લી જગ્યામાં તપાસ કરતા જમીનમાં ઢાંકણા ઢાંકેલ બે માટલા મળી આવેલા એક

માટલામાં ૨૦ લીટર લેખે બે માટલામાં ૪૦ લીટર રૂા. ૮૦/– નો વોસ પાસ પરમીટર વગર મળી આવેલ. સેમ્પલ સારૂ એક કાચની શીશીમાં આશરે ૧૦૮ મી.લી. જેટલો વોશ કાઢી લઈ તેમાં સહીવાળી કાપલી દોરાથી બાંધી તેના ઉપર પોલીસના માર્કાનું લાખથી પાકુ સીલ કરી સેમ્પલની શીશીની કિં. રૂા.૦૦–૦૦ ગણી પોલીસે તપાસ અર્થે કબજે કરેલ. તેમજ દેશીદારૂ ગાળવાનો વોશ પોલીસ સ્ટેશનમાં સાચવી શકાય તેવી સ્થિતિમાં ન હોઈ પોલીસે બંન્ને પ્લાસ્ટિકના કેરબા સહિત વોશ તેઓ પંચો રૂબરૂ અત્રે સ્થળ ઉપર નાશ કરેલ. તે મતલબની ફરિયાદ નીતિનકુમારએ આપેલી અને સદર ફરિયાદ પી.એસ.ઓ.શ્રી વાગડોદનાઓએ વાગડોદ પો.સ્ટે.ગુના રજી. નં. ૧૧૨૧૭૦૪૦૨૨૪૨૧/૨૦૨૨ પ્રોહી કલમ–૬૫(એફ) થી રજી કરી આગળની તપાસ ડેપ્યુટ હુકમથી તેઓને સોંપતા તેઓએ સંભાળી લીધેલ. જે ડેપ્યુટ હુકમ આ કામે આંક–૨૬ થી રજુ થયેલછે. તેઓએ લાગતા વગળતા સાહેદોના નિવેદન લીધેલા અને તેમજ રવાનગી પત્રક ભરી એફએસ.એલ વિભાગને ભરી મોકલી આપેલી. જે રવાનગી પત્રક આ કામે આંક–૨૭ થી રજુ થયેલ છે. તેઓએ ગુનાવાળી જગ્યાનું પંચનામું પંચોના લખાવ્યા મુજબનુંલખી લીધેલુ જે પંચનામું આંક–૧૫ થી રજુ છે તે જ છે. આરોપી વિરૂઘ્ધ પૂરતો પુરાવો હોઈ નામદાર કોર્ટમાં ચાર્જશીટ કરેલ. આરોપીને તેઓ ઓળખે છે. જે આજરોજ કોર્ટમાં હાજર નથી બચાવપક્ષે ઓળખની તકારાર નથી.

જયારે બચાવપક્ષ દ્વારા સદર ત.ક.અધિકારીની ઉલટતપાસ કરતા એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, ફરિયાદ કોની રૂબરૂમાં આપેલી તે રૂબરૂ તરીકેની સહી ફરિયાદમાં નથી. તેઓ બાતમીવાળી જગ્યાએ ગયેલા ત્યાં

આરોપી કે તેના સગા કોઈ હાજર ન હતુ. બનાવવાળી જગ્યાએ જયારે તેઓ ગયેલા ત્યારે છાપરા બાબતે તેઓએ કોઈ નિવેદન લીધેલ નથી. બનાવવાળી જગ્યા કોની માલિકીની હતી તે બાબતનો કોઈ આધારપુરાવો રજુ કરેલ નથી.

**(૮) આખરી તારણ :**

ન્યાયિક સિધ્ધાંતો તથા કાયદાકીય જોગવાઈઓ મુજબ આરોપીઓ વિરૂધ્ધનો ફોજદારી ગુનો વ્યાજબી શંકાથી પરે પુરવાર કરવાની જવાબદારી ફરિયાદપક્ષની છે. ફરિયાદપક્ષ તરફથી રજુ થયેલ ઉપરોકત સમગ્ર મૌખિક અને દસ્તાવેજી પુરાવાનું મૂલ્યાંકન કરતા તપાસનીશ અધિકારીએ તટસ્થ ઈમસોના નિવેદન નોંધલ નથી કે તેવા ઈસમોને સાક્ષી તરીકે ફરિયાદપક્ષે તપાસેલ નથી. વધુમાં ફરિયાદીએ તેમની ઉલટતપાસમાં એ હકીકત સ્વીકાર કરેલ છે કે, ફરિયાદ કોની રૂબરૂમાં આપેલી તે રૂબરૂ તરીકેની સહી ફરિયાદમાં નથી. તેઓ બાતમીવાળી જગ્યાએ ગયેલા ત્યાં આરોપી કે તેના સગા કોઈ હાજર ન હતું. બનાવવાળી જગ્યાએ જયારે તેઓ ગયેલા ત્યારે છાપરા બાબતે તેઓએ કોઈ નિવેદન લીધેલ નથી. બનાવવાળી જગ્યા કોની માલિકીની હતી તે બાબતનો કોઈ આધાર પુરાવો રજુ રેલ નથી. આરોપી પાસેથી તેઓએ કે તેઓના સાહેબે કોઈ મુદ્દામાલ કબજે કરેલ નથી. વધુમાં તપાસ કરનાર અધિકારીએ તેમની ઉલટતપાસમાં એ હકીકત સ્વીકાર કરેલ છે કે, આ ગુનાવાળી જગ્યા કોના માલિકીની અંગેના પુરાવા મેળવેલ નથી. કોઈ સ્વતંત્ર સાહેદો તપાસેલ નથી. આરોપીને દારૂ સાથે પકડેલ નથી.



ફોજદારી ન્યાયાધીશ પ્રથમ વર્ગ,
સરસ્વતી [GJ01715]

હાલના કેસમાં ફરિયાદપક્ષે આરોપીનો મુદ્દામાલનો પ્રત્યક્ષ કબજો સાબિત કરવો પડે તેમજ ફરિયાદપક્ષનો પુરાવો વિશ્વાસપાત્ર પુરાવા તરીકે સ્વીકારવા માટે ફરિયાદપક્ષના પુરાવાને સ્વતંત્ર સાહેદોના પુરાવાનું સમર્થન હોવું આવશ્યક છે. આ કામે સ્વતંત્ર સાહેદ કે સાંયોગિક પુરાવા ફરિયાદપક્ષનાં કેસની હકીકતને સમર્થન કરેલ નથી. વધુમાં પ્રોહીબીશનનાં ગુનાના કામે અગત્યનાં સાહેદ કે, જેનાંથી પંચનામું સાબિત થઈ શકે તે પંચ સાહેદો ફરિયાદપક્ષના કેસને સમર્થન કરેલ નથી. તેથી કબજે કરેલ મુદ્દામાલ ખરેખર કહેવાતી બનાવવાળી જગ્યાએથી પકડેલ છે કે કેમ તે અંગે પણ શંકા ઉદ્ભવે છે. વધુમાં ફરિયાદપક્ષે સદર કામે બનાવાળી જગ્યાના માલિકીના આધાર પુરાવા રજુ કરેલ નથી.

આમ, ફરિયાદપક્ષ સદર કામે જે મુદ્દામાલ કબજે લેવામાં આવેલ છે તે આરોપીના પ્રત્યક્ષ કબજામાંથી મળી આવ્યાનું સાબિત કરી શકેલ નથી. આમ, રેકર્ડ ઉપર જે પુરાવો પડેલ છે તે પુરાવાથી ફરિયાદપક્ષ આરોપી સામેનો કેસ વ્યાજબી શંકાથી પરે પુરવાર કરી શકેલ ન હોય અને રજુ થયેલા પુરાવાથી આરોપીની સંડોવણી અંગે શંકા ઉત્પન્ન થતી હોય આ કામનાં સાહેદ પોલીસ વિભાગનાં અધિકારી હોય અને તેઓ દ્વારા કરવામાં આવેલ કાર્યવાહી તેમની ફરજનું કૃત્ય હોય સ્વતંત્ર સાહેદોના પુરાવાનાં સમર્થનના અભાવે વિશ્વાસપાત્ર પુરાવા તરીકે સ્વીકારી શકાય નહી. તેવા સંજોગોમાં મુદ્દા નં.૧ નું તથ્ય વ્યાજબી શંકાથી પરે પુરવાર કરવામાં ફરિયાદપક્ષ નિષ્ફળ ગયેલ હોય, મુદ્દા નં. ૧ નકરાત્મક ઠરાવી, મુદ્દા નં. ૨ માટેનો નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

## :: આખરી હુકમ ::

(૧) આ કામના આરોપી ઠાકોર પ્રવિણજી સોમાજી, રહે.વાંણા ગામની સીમ, તા.સરસ્વતી, જિ.પાટણવાળાને ગુજરાત નશાબંધી અધિનિયમ, ૧૯૪૯ ની કલમ–૬૫(એફ) મુજબનાં ગુનામાંથી ફોજદારી કાર્યરીતિ સંહિતા,૧૯૭૩ ની કલમ ૨૪૮(૧) અન્વયે પૂરતા પુરાવાને અભાવે શંકાનો લાભ આપી નિર્દોષ ઠરાવી છોડી મૂકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) આ કામે કબજે કરેલ પત્તા/દારૂ/નોન વેલ્યુએબલ મુદ્દામાલનો અપીલ સમય વિત્યા બાદ નિયમ અનુસાર નાશ કરવો. રોકડ/ વેલ્યુએબલ મુદ્દામાલ સરકાર ખાતે ખાલસા કરવો. વાહન/મોબાઈલનો વચગાળાનો હુકમ થયા હોય તો એ કાયમ રાખવો અને ના થયો હોય તો સંબધિત પોલીસે માલિકીની ખરાઈ કરીને પરત આપવો.

(૩) આરોપીએ ફોજદારી કાર્યરીતિ સંહિતા,૧૯૭૩ ની કલમ ૪૩૭(એ) અન્વયે અપીલ થયે અપીલના કામે હાજર રહેવા, સદરહું હુકમની તારીખથી છ માસનાં સમયગાળા માટે રૂપિયા ૧૦,૦૦૦/– (અંકે રૂપિયા દસ હજાર પૂરા) ના જામીન તથા તેટલી જ રકમનાં જાતમુચરકા રજુ કરવા.

હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભાળવી, સહી કરી જાહેર કર્યો.

તારીખ : ૦૬.૦૬.૨૦૨૬

મુકામ : સરસ્વતી **(કુ.મેધાબેન મહેશકુમાર નવધરે)**



ફોજદારી ન્યાયાધીશ પ્રથમ વર્ગ,
સરસ્વતી [GJ01715]